	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૯/૦૪/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૫૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪	૫,૫૦,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૩	૩,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશનઃ

ખુનના ગુનામાં ત્રણ આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડતી નારોલ પોલીસ

નારોલ પો.સ્ટે.પાર્ટ.એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૨૦૫૧૯/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે ફરીયાદીશ્રી જીતેન્દ્રકુમાર સ/ઓ લચ્છીરામ રામલાલ જાતે – યાદવ ઉ.વ.૪૦ ધંધો. છુટક મજુરીકામ રહે, ઠાકોરવાસ અંબિકા ફેકટરીની સામે જોગણીમાતાના મંદીર પાસે શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન કુઠૌદ તા.જી. ઝાલૌન ઉત્તરપ્રદેશ નાઓની ફરીયાદના કામે તા.૨૭/૦૪/૨૦૨૨ ના રાત્રિના આઠેક વાગ્યાના સુમારે ફરીયાદીના ભાઇ વિવેક તથા ફરીયાદીના પિતાશ્રી લચ્છીરામ બંન્ને જણા સરદાર પટેલ એસ્ટેટના પાછળના ભાગે પગે ચાલતા જતા હતા તે દરમ્યાન આરોપી સંદીપ તથા સચિન નામના ઇસમો સાથે બાઇક અથડાવવા બાબતે બોલાચાલી ઝઘડો થતા ફરીયાદીના ભાઇ વિવેક તથા પિતા સરદાર પટેલ એસ્ટેટની અંદરના રોડ ઉપર થઇ પગે ચાલતા જતા તે દરમ્યાન તેઓની સામેથી એક મોટરસાઇકલ ઉપર સંદિપ તથા સચીન આવેલા અને બીજા બાઇક ઉપર પ્રજ્ઞેશ ઉર્ફે કાળુ પંડયા નાનો આવેલ અને તેઓએ એકદમ મોટરસાઇકલ ઉભા રાખી સંદીપે વિવેકને પકડી રાખેલ તથા સચિને લચ્છીરામને પકડી લીધેલ અને પ્રજ્ઞેશ ઉર્ફે કાળુ પંડયાએ તેની પાસેની છરી વડે પ્રથમ લચ્છીરામને જમણા પડખાના ભાગે છરીનો ઘા મારેલ અને વિવેકને છાતીના બંન્ને ખભાના ભાગે તથા પેટના ડાબા પડખાના ભાગે એક એક ઘા છરીના મારેલ આ દરમ્યાન લચ્છીરામ તથા વિવેક નીચે રોડ ઉપર પડી જતા બુમા બુમ થતા આજુબાજુના લોકો ભેગા થઇ જતા આ ત્રણેય માણસો તેમના મોટરસાઇકલ ઉપર ભાગી ગયેલ અને કોઇએ ૧૦૮ માં ફોન કરતા બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લઇ જતા વિવેકને શરીરે ગંભીર ઇજાઓ થયેલ હોય હાલમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને લચ્છુરામને તા.૨૮/૦૪/૨૦૨૨ ના સવાર કલાક – ૦૫/૩૦ વાગ્યાના સુમારે સારવાર દરમ્યાન ફરજ ઉપરના ડો.શ્રીએ મરણ જાહેર કરેલ હોય જે સબંધે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરવામાં આવેલ હોય.

જે ગુનો ગંભીર પ્રકારનો અતિસંવેદનશીલ હોય તાત્કાલિક ઉપરી અધિકારીશ્રીઓને જાણ કરવામાં આવેલ જેથી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી સેકટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા અને સતત માર્ગદર્શન હેઠળ પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓએ જુદી-જુદી ટીમો બનાવી CCTV ફુટેઝ, હ્યુમન સોર્સ તેમજ ટેક્નીકલ વર્કઆઉટની કામગીરી સોંપવામાં આવેલ જે આધારે ટીમના માણસોએ ખંતપુર્વક તપાસ કરતા આરોપીઓ (૧) પ્રજ્ઞેશ ઉર્ફે કાળુ સ/ઓ મુકેશભાઇ બેચરભાઇ જાતે-પંડ્યા

ઉ.વ.૨૨ ધંધો.નોકરી રહે, મ.નં.૧૧૫ જનતાનગર, કર્ણાવતીની સામે, સત્યમનગર નજીક શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ આંબેડકરવાસ સરકારી સ્કુલની સામે ચુડા તા.ચુડા જી.સુરેન્દ્રનગર (૨) સચીન ઉર્ફે યોગેશ ઉર્ફે ટકો સ/ઓ કેશવભાઇ પરમાલ જાતે-જોષી ઉ.વ.૨૩ ધંધો.મજુરીકામ રહે, મ.નં.૧ ગ્યાનચંદ શિવજીત પટેલના મકાનમાં ઉમિયાનગર સોસાયટી ત્રિશુલનગરના ખાંચામાં મહાવીર સ્કુલ પાસે રામભાઇ ચેનલવાળાની ગલીમાં શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ ભમુરપુરા (ખોકીપુરા´ પો.સ્ટે. ગોરમી તા.મહેગાવ જી.ભીન્ડ મધ્યપ્રદેશ (૩) સંદિપ સ/ઓ ગજાનંદ નામદેવ તલેકર(મરાઠી) ઉ.વ.૨૯ ધંધો.વેપાર રહે, આત્મારામ ભરવાડના મકાનમાં જનતાનગર, કર્ણાવતીની સામે, સત્યમનગર નજીક શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ કાસારી પોસ્ટ.બુમરાળા તા.લોનાર જી.બુલડાના રાજ્ય મહારાષ્ટ્ર નાઓને ગણતરીના કલાકોમાં ગુનામાં વપરાયેલ વાહનો સાથે શોધી કાઢી આરોપીનો કોરોના રીપોર્ટ નેગેટીવ આવેથી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોય. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સારી અને પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૨૮/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

શ્રી આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેકટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

શ્રી એ.જી.બ્રીદ પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ, અ.મ.સ.ઇ. બ્રિજરાજસિંહ દીલીપસિંહ બ.નં. ૧૩૫૪૮, અ.હે.કો. સરફરાજનવાજ ઇબ્રાહીમમીયા બ.નં. ૪૦૦૫, અ.હે.કો. સફિઉલ્લાહ્ખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪, અ.પો.કો. વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯, અ.પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮, અ.પો.કો.ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮, અ.પો.કો. હરદિપસિંહ વિજયસિંહ બ.નં.૬૫૦૪, અ.પો.કો. કાનાભાઇ સુરાભાઇ બ.નં. ૧૦૦૮૭, અ.પો.કો જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૬૭૯૨, અ.પો.કો. ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં. ૧૦૧૯૭, અ.પો.કો. પ્રહલાદસિંહ શિવસંગભાઇ બ.નં.૬૩૬૧

આરોપીઓના ફોટો



સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- **સમાચાર યાદી નં.૭૫૯/૨૦૨૨**

મેહેરબાન સિટી સેશન્સ જજ સાહેબની કોર્ટ ક્રિમનીલ અપીલ નં.૭૪૬/૨૦૧૯(ક્રિમનલ કેસ નંબર ૩૨૦૦૧૩૭/૨૦૧૬) મુજબ ના કામે **અનિલભાઇ ભીખાભાઇ પંચાલ તે કાલકી ટ્રેડીંગ કંપનીના પ્રોપરાઇટર (રહે.ઘર નંબર ૪૩૭/૪. ત્રીજો ખાંચો, દુધવાળી પોલ, ઘી કાંટા, અમદાવાદ)** નામવાળી વ્યક્તિ એ નેગોશીયેલ ઇન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અનુસાર સજાપાત્ર ગુનો કરેલ છે. (અથવા એવો ગુનો કરેલ હોય તેવો શક છે) ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ સુશ્રી પ્રિત કમલ તિરથરામ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૫, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૨ બીયરટીન, ૦૨ કાર, ૦૧ રીક્ષા, ૦૨ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૬૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી:- **સમાચાર યાદી નં.૭૬૨/૨૦૨૨**

સરખેજઃ ડો.ભાવેશભાઈ બાલકૃષ્ણભાઈ મેહતા (ઉ.વ.૪૨)(રહે.ઓર્ચીડ વુડ, દિવ્ય ભાસ્કરની પાછળ, મકરબા) એ તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) મોબાઈલ નંબર ૮૭૬૮૭૬૯૭૧૨ ના ધારક રાહુલ અને (૨) મોબાઈલ નંબર ૮૯૬૭૨૦૭૮૩૧ ના ધારકે ભેગામળી ડૉ.ભાવેશભાઇને પોતાની ઓળખ સીટી બેન્કના કર્મચારી તરીકે આપી, ડૉ.ભાવેશભાઇ નું સીટી બેન્કનુ ક્રેડીટકાર્ડ બંધ કરાવવાના બહાને ડૉ.ભાવેશભાઇ ને વિશ્વાસમાં લઈ મોબાઈલ નંબર ૮૯૬૭૨૦૭૮૩૧ ઉપરથી ડૉ.ભાવેશભાઇના મોબાઇલ ફોન ઉપર લીંક મોકલી, તેમા ક્રેડીટ કાર્ડ અંગેની માહીતી ભરાવડાવી, ક્રેડીટ કાર્ડ સાથે મોબાઈલ નંબર ૮૭૬૮૭૬૯૭૧૨ ને લીંક કરી, ડૉ.ભાવેશભાઇના નામથી બીજુ ક્રેડીટ કાર્ડ ઇસ્યુ કરાવી લઇ, ડૉ.ભાવેશભાઇની જાણ બહાર અલગ-અલગ ત્રણ વ્યવહારો કરી કુલ રૂપિયા ૨,૭૪,૨૧૫/- ઉપાડી લઇ, ડૉ.ભાવેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.દેસાઈ ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ હીતેષભાઇ રામભાઇ પટેલ (ઉ.વ.૩૬)(રહે,ગાલા હેવન, વૈષ્ણોદેવી સર્કલ એસ.પી.રીંગ રોડ) એ તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સુઝાન (મોબાઇલ નંબર +૪૮૭૩૨૧૦૦૬૩૪, ઇમેલ આઇડી drbasriechert@gmail.com) તથા પુનમ યાદવ (મો.ન.૯૧૩૬૮૯૪૫૮૦, ઇમેલ આઇડી rkenterprises202@yahoo. com) ના ધારકોએ ભેગામળી હીતષભાઇને "ANIGRA LIQUID EXTRACT" નામનું મટીરીયલ પોતાની પાસેથી ખરીદી કરી, પોલેંડ ખાતેની કંપનીને વેચાણ કરવાથી હીતેષભાઇને મોટો આર્થિક ફાયદો થશે તેવી લાલચ આપી, હીતેષભાઇ પાસેથી "ANIGRA LIQUID EXTRACT" નામ ના મટીરીયલની ખરીદી પેટેના "ક્રીષ્ણા એંટરપ્રાઇઝ ના જુદા-જુદા ખાતાઓમાં કુલ રૂપિયા ૮,૧૮,૦૦૦/- ભરાવડાવી, હીતેષભાઇને આજદીન સુધી "ANIGRA LIQUID EXTRACT" નામ નું મટીરીયલ નહી આપી તેમજ હીતેષભાઇએ માલની ખરીદી પેટે ભરેલ નાણા પરત નહી આપી, હીતેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૭૬૩/૨૦૨૨</u>**

ઘાટલોડીયાઃ હર્ષિલ વિનોદભાઇ દાતણીયા (ઉ.વ.૩૫) (રહે. પંચવટી એપાર્ટમેન્ટ ચિત્રકુટ એપાર્ટમેન્ટ પાસે સોલા રોડ નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૨ કલાક ૧૧/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મો નોધી અ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર દલસંગભાઇ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ પારસ નરસિંહભાઈ પરમાર (ઉ.વ.૨૨) (રહે.જે.એસ.ડાઈંગ પીરાણા રોડ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પાલડી એન.આઈ.ડી.પાછળ સીડી નં-૪૮ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

કૃષ્ણનગરઃ સચિન નરેન્દ્રભાઈ તંત્રપાલ (ઉ.વ.૨૬) (રહે. નીલકંઠ એપાર્ટમેન્ટ સહજાનંદ હોસ્પિટલ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી ગુલાબસિંહ દાનસિંહ ચલાવે છે.

અમરાઇવાડીઃ રણજીતભાઇ કમળભાઇ દેવીપુજક (ઉ.વ.૪૦) (રહે. ત્રિવેણીની ચાલી જોગણીમાતાના મંદિર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૨ રાતના ૧૦/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી શિવભાઇ હુરાભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ સુરેશ રામઅવતાર જાદવ (ઉ.વ.૨૨) (રહે. જોગમાયાનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી ગોમજીભાઇ લાલુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.